સા.વિ., ધોરણ ૭, એકમ ૭
શર્મા હિરેન કુમાર
પ્રા શાળા વાવડી,ખેડા
૯૬૭૪૬૬૬૦૩

G2Z9E2

સ્વાધ્યાય

1. નીચે આપેલા પ્રશ્નોના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો :

(1) ચંદ્રગુપ્તની તમામ સિદ્ધિઓમાં તેમના કયા ગુરુના માર્ગદર્શને ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો ?

(A) ગુરુ દ્રોણ (B) ગુરુ સાંદીપનિ (C) ગુરુ ચાણક્ય (D) ગુરુ વિશ્વામિત્ર

(2) ચાણક્ય દ્વારા લખાયેલા કયા ગ્રંથમાંથી તે સમયની રાજકીય, સામાજિક અને આર્થિક વ્યવસ્થા અંગેની માહિતી મળી રહે છે ?

(A) નીતિશાસ્ત્ર (B) સમાજશાસ્ત્ર (C) મુદ્રારાક્ષસ (D) અર્થશાસ્ત્ર

(3) બિંદુસારે અશોકની કયા પ્રાંતના રાષ્ટ્રીય તરીકે નિમણૂક કરી હતી ?

(A) અવંતિ (B) તક્ષશિલા (C) પાટલીપુત્ર (D) ઉજ્જૈન

(4) અશોકે સંઘમિત્રાને બૌદ્ધધર્મના પ્રચાર માટે ક્યાં મોકલ્યા હતા ?

(A) સિરિયા (B) સિલોન (C) મ્યાનમાર (D) ઇજિપ્ત

(5) અશોકના મોટા ભાગના અભિલેખોની ભાષા કઈ હતી ?

(A) ઈરાની (B) પાલિ (C) પ્રાકૃત (D) બ્રાહ્મી

2. ટૂંકમાં ઉત્તર આપો :

(1) સમ્રાટ અશોકનું વિશાળ સામ્રાજ્ય ક્યાં સુધી ફેલાયેલું હતું ?

(2) સેલ્યુક્સ નિકેતર સાથેના યુદ્ધ બાદ કયાં પરિણામો આવ્યાં ?

(3) મૌર્ય સામ્રાજ્યને વહીવટી સરળતા ખાતર કેટલા વિભાગમાં વહેંચવામાં આવ્યું હતું ?

(4) અશોકે ગૌતમ બુદ્ધના કયા-કયા સિદ્ધાંતોના પ્રચાર પર ભાર મૂક્યો ?

(5) રાષ્ટ્રીય તરીકે નિમાયેલ અધિકારીનાં કાર્યો જણાવો.

3. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :

(1) મેગેસ્થનીસ દ્વારા ઇન્ડિકા અને કલ્હણ દ્વારા મુદ્રારાક્ષસની રચના કરવામાં આવી હતી.

(2) ધમ્મ મહામાત્રનું કાર્ય જૈનધર્મનો પ્રચાર કરી પ્રજાનું નૈતિક ધોરણ ઊંચું લાવવાનું હતું.

(3) ચંદ્રગુપ્તે પોતાનો અંતિમ સમય શ્રવણબેલગોડામાં વિતાવ્યો હતો.

(4) બિંદુસારના સમયમાં મગધ મૌર્ય સામ્રાજ્યમાંથી સ્વતંત્ર થઈ ગયું.

(5) અશોકે ઉપગુપ્તના ઉપદેશને અનુસરીને બૌદ્ધધર્મ અંગીકાર કર્યો.

LIVEWORKSHEETS